

ભારતમાં ગરમીથી ૭૫૦થી વધુના મોત
Page-6

સુવિચાર : ઇશ્વર પ્રાપ્તિનું લક્ષ્ય સિદ્ધ કરવું હોય તો ભક્તિમાં બાળક, કર્મમાં યુવાન અને જ્ઞાનમાં વૃદ્ધ થાઓ - પૂજ્ય મોટા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૭ | ૨૭ મે, ૨૦૧૫, બુધવાર ; જેઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં છ કરોડનાં ખર્ચે અદ્યતન 'નશાબંધી ભવન' બનશે

## લોકાયુક્ત કચેરીની પાછળ ૪ હજાર ચો.મી. જગ્યા ફાળવી : અદ્યતન સુવિધાયુક્ત ત્રણ માળનું નશાબંધી ભવન ચાલુ વર્ષના અંતે તૈયાર થઈ જશે : ગુજરાત સ્ટેટ પોલીસ હાઉસીંગ કોર્પોરેશનની ઓફીસનું પણ સ્થળાંતર થશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૦ લોકાયુકત કચેરીના પાછળના વિસ્તારમાં અંદાજે ૬ કરોડના ખર્ચે ત્રણ માળનું અદ્યતન સુવિધાયુકત નશાબંધી ભવન આકાર પામશે. નશાબંધી ભવન નિર્માણ કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. ૪ હજાર ચોમી જગ્યા ફાળવવામાં આવી છે. જેમાં નશાબંધી ભવનનું એક બિલ્ડીંગ અને બીજુ બિલ્ડીંગ ગુજરાત સ્ટેટ પોલીસ હાઉસીંગ કોર્પોરેશન માટે તૈયાર થઈ રહ્યું છે. નશાબંધી ભવન ચાલુ વર્ષના અંત સુધીમાં તૈયાર કરીને પોલીસ હાઉસીંગ કોર્પોરેશન બિલ્ડીંગનું પઝેશન પણ સોંપી દે તેવી શકયતા છે.

અમદાવાદ ખાતે કાર્યરત નશાબંધી ભવનની કચેરી અત્યંત બિસ્માર હાલતમાં છે જેને ધ્યાને લઈ નશાબંધી ભવનનું નવું બિલ્ડીંગ બનાવવા નિર્ણય લેવાયો હતો. નશાબંધી ભવન માટે ગાંધીનગર શહેરના સે-૧૦ ખાતે ૪ હજાર ચોમી

● અનુસંધાન પાન-૭ પર

# એક જ દિવસમાં બે ગામમાંથી ૩ કોલેરાના પોઝીટીવ કેસ મળ્યા

## દહેગામના ઘમીજમાંથી બે ભૂલકાઓ તો અડાલજ નજીકની ઝુંપડપટ્ટીમાંથી એક કિશોરીને પોઝીટીવ : ત્રણેય દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ત્રણેય દર્દીની તબિયત સુધારા પર હોવાનું તંત્રનો દાવો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાંથી આજે એક જ દિવસે કોલેરાના ત્રણ કેસ બે ગામોમાંથી મળતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામી છે.

બે નાના ભૂલકા અને એક કિશોરીને કોલેરા પોઝીટીવ જણાતાં ત્રણેય દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યાં ત્રણેયની તબિયત સુધારા પર જણાતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

આજે બપોરે આ ત્રણેય દર્દીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ દર્દીઓની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિપક જાગાણી, ઈન્ચાર્જ રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. દિપક ઠાકર, મેડીકલ ઓફિસર ડૉ. ધર્મેશ પરીખ દહેગામ દોડી ગયા હતા.

મળતી વિગતો પ્રમાણે બહિયલ પ્રા.આ. કેન્દ્રના ઘમીજ ગામે બે ભૂલકાંઓને છેલ્લા બે દિવસથી સતત ઝાડા થતા હોવાથી તેમને આજે સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લવાયા હતા જ્યાં પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાયો હતો.

તો ગાંધીનગર તાલુકાના અડાલજ નજીક હોટમીક્સ પ્લાન્ટ પર ઝુંપડપટ્ટીમાં રહેતી શ્રમિક કિશોરીને પણ આજે સતત ઝાડાને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લવાઈ હતી. જ્યાં તેણીનીને પણ કોલેરા પોઝીટીવ જણાયો હતો.

તંત્રના સૂત્રોનામાંથી મળતી વિગતો પ્રમાણે ગરીબ પરિવારના આ બાળકો પાણીનું કનેક્શન નહિ હોવાથી પાઈપલાઈન સાથે ટોટી જોડી દઈ પાણી પીતા જણાયા હોવાનું જણાયુ છે.

તંત્રએ ઘમીજ પંચાયતને નોટીસ ફટકારી દીધી છે તેમજ પાણીના ક્લોરીનેશન માટે કડક તાકીદ કરી અને સર્વેલન્સની સઘન કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
વિતરક / હોલસેલર / એજન્ટ
નવી બેકરી પ્રોડકટની બ્રાન્ડનાં ઉત્પાદકને તેમની બ્રેડ - પીઝા - ટોસ્ટ તેમજ અન્ય બ્રેડની વેરાયટીઝ તેમના એરીયા માટે જે બ્રાન્ડને પ્રમોટ કરી શકે અને જેમની પાસે કુશળ અને સક્ષમ સેલ્સ ફોર્સ તથા ડીલીવરી વાન હોય તેવા તાત્કાલીક સંપર્ક કરવો :
મનીષ ડેલીવાળા
88660 18007



વૃક્ષ વાવો, છાંયડો મેળવો - આવતીકાલે છાંયડો મેળવવા આજે વૃક્ષ વાવીએ...

(તસવીર : કશ્યપ નિમાવત)

ચાલો... ચાલો... ચાલો... અન્નપૂર્ણાધામ અડાલજ

લેઉવા પાટીદારોના સ્વમાન - ગૌરવનું શ્રધ્ધાતીર્થ

શ્રી અન્નપૂર્ણાધામ અડાલજ



માનનીય મુખ્યમંત્રી
શ્રીમતી આનંદીબેન પટેલના
વરદ્ હસ્તે

શિલાન્યાસ વિધિ
તા. ૨૮-૫-૨૦૧૫ને ગુરૂવાર
સમય : સવારે ૯-૦૦ થી ૧૨-૩૦ કલાકે
મહાપ્રસાદ : બપોરે ૧૨-૩૦ કલાકે



સ્થળઃ સ્વામિનારાયણ ફાર્મ સામે, અડાલજ-કોબા રોડ, અડાલજ

સૌજન્ય :

કુંવરજીભાઈ પટેલ
પ્રમુખશ્રી
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ

પ્રવિણભાઈ માણિયા
સભ્યશ્રી
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ

એન. પી. પટેલ
સભ્યશ્રી
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ

ભૂપતભાઈ વોરા
ચંદુભાઈ પટેલ

બાબુભાઈ પાનેલિયા
કિશોરભાઈ શેલડીયા

કનુભાઈ માલાણી
જી. પી. પટેલ

સમસ્ત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, ગાંધીનગર